આંક–૦૫

**મે.મજુર અદાલત, અમદાવાદના પ્રિસાઈડિંગ ઓફિસર,**
**શ્રી પી.એ.માલવીયા સાહેબ સમક્ષ**

**રીકવરી અરજી નં.૨૬૩/૨૦૧૯**

<u>અરજદાર</u> : રાજુ સંકટા લોથ,
૯/૦.મીસેલીનીયસ ઈન્ડસ્ટ્રીઝ મજદુર સંઘ,
હે.નગીનદાસ મ્યુનિસિપલ પુસ્તકાલયની બાજુમાં,
રખીયાલ ચાર રસ્તા, રખીયાલ, અમદાવાદ–૨૧
ઘરનું ઠેકાણું:–૨૪૨, રંજીતપુર બેનારી કઠગર,
બરેલી, ઉતરપ્રદેશ.

**: <u>વિરૂધ્ધ</u> :**

<u>સામાવાળા</u> : ફેયર–ડીલ ઈન્ડસ્ટ્રીઝ,
હે.બી–૧૩, શ્રીરામ એસ્ટેટ, ગુજરાત બોટલીંગ પાસે,
જગન્નાથ એસ્ટેટ સામે, રખીયાલ, અમદાવાદ.

<u>હાજર રહયા</u> : અરજદાર તરફે : યુનિ.પ્રતિ.શ્રી એસ.બી.મિશ્રા.
સામાવાળા તરફે : કોઈ નહીં.

**–:: <u>ચુકાદો</u> ::–**

આ કામે અરજદારે આઈ.ડી.એકટ ૧૯૪૭ ની કલમ ૩૩(સી)(૨) અન્વયે આંક–૧ ની અરજીના પેરા–૯(અ) મુજબ તેઓની સામાવાળા પાસેથી લ્હેણી પડતી પેરા–૮ મુજબની બાકી પગાર, હકકની રજાની રકમ તથા બોનસની કુલ મળી રૂા.૪૫,૦૧૨૫/– ની રકમ સામાવાળા પાસેથી વસુલ અપાવવા તથા અને સદર લેણી રકમનું રીકવરી સર્ટીફિકેટ કાઢી આપવા અરજ કરેલ છે. આ કામે સામાવાળાના જવાબના તબકકે અરજદારના પ્રતિનિધિએ આંક–૪ ની પુરસીસ રજુ કરી જણાવેલ છે કે, પક્ષકારો વચ્ચે અંદરો–અંદર સમાધાન થઈ ગયેલ છે, જેથી સદર કામ આગળ ચલાવવા માંગતા નથી અને પરત ખેંચવા માંગે છે. જે પુરસીસ નોંધવામાં આવેલ અને કામ હુકમ ઉપર મુકવામાં આવેલ. તે સંજોગોમાં હાલના કામમાં પક્ષકારો વચ્ચે અંદરો અંદર સમાધાન થઈ ગયેલ હોઈ અને અરજદારના પ્રતિનિધિશ્રી હાલનો કેસ વિડ્રો કરતા હોઈ, જેથી લોક–અદાલતમાં તે બાબતે હુકમ કરી કામ ફેંસલ કરવામાં આવે છે. ખર્ચ અંગે હુકમ નથી.

તારીખ : ૧૩–૦૭–૨૦૧૯
સ્થળ : અમદાવાદ.

(પરવેઝઅહેમદ અલીમોહંમદ માલવીયા)
CODE : GJ00837
પ્રિસાઈડીંગ ઓફીસર,
લેબર કોર્ટ, અમદાવાદ.

J.B.KUNJERA,P.A.